## આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પરિણામ

ગાંધીનગર,તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી માર્ચ ૨૦૧૯માં લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષા માટે પરિણામ આવતીકાલે ૨૫મી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. ગુરુવારના દિવસે બોર્ડ તરફથી આ અંગેની માહિતી આપવામાં આવ્યા બાદથી વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ધોરણ ૧૨ બોર્ડની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આ વખતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




શહેરમાં જ્યારે સરકારી કાર્યક્રમો યોજાવવાના હોય ત્યારે વ્યવસ્થામાં કોઈ કમી રહેતી નથી પરંતુ કાર્યક્રમ પત્યા પછીની બાબતો તરફ કોઈ ધ્યાન આપતુ નથી. શહેરના ઘ-૦ સર્કલ ઉપર રાખેલ સરકારી હોર્ડીંગ્સ જે હવે પડવાની તૈયારીમાં જ છે બની શકે તેમાંથી જાનહાનિ પણ થઈ શકે પરંતુ તેના નિકાલ અર્થે કોઈ કામગીરી થઈ રહી નથી.

# ચૂંટણી પરિણામોમાં ફરી નોટાનો દબદબો યથાવત

### ૨૬ બેઠકો પર નોટામાં ૩૬૩૧૭૪ મત પડ્યા : ૧૭ બેઠક પર નોટામાં દસ હજારથી વધુ અને ચાર બેઠકમાં ૨૦ હજારથી વધારે મત

ગાંધીનગર,તા.૨૪

લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપનુ બુલડોઝર અને મોદીની સુનામી ફરી વળ્યા અને કોંગ્રેસ સહિતના લગભગ તમામ રાજકીય પક્ષોનો સફાયો થઈ ગયો. લોકસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને મળેલા મત, તેમણે મેળવેલી લીડ અને માર્જિન-ટકાવારી બધાની નોંધ લેવાઈ પરંતુ સૌથી વધુ નોંધનીય બાબત નોટાના મતની પણ રહી હતી. ગુજરાત રાજયની વાત કરીએ તો, ગુજરાતમાં પણ ચૂંટણીની પરિણામોમાં નોટાનો પણ તેનો અલગ જ દબદબો જોવા મળ્યો હતો. રાજયની ૨૬ લોકસભા બેઠકોમાંથી ૧૭ બેઠકો પર નોટામાં દસ હજારથી વધુ મત પડયા હતા અને ચાર બેઠકોમાં ૨૦ હજારથી વધુ મતો પડયા હતા. મતદારોએ નોટા એટલે કે, કોઈને વોટ નહી એ વિકલ્પ પસંદ કરી પોતાનો મતાધિકારનો અલગ રીતે ઉપયોગ કર્યો હતો.

લોકસભાની ચૂંટણીમાં દેશની માફક ગુજરાતે પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પોતાનો અતૂટ વિશ્વાસ પુનઃ પ્રસ્થાપિત કર્યો છે. એટલું જ નહીં, ૨૦૧૪ની ચૂંટણીઓમાં નરેન્દ્ર મોદી પાસેની અપેક્ષાએ ગુજરાતના મતદારોએ જે રીતે તમામ ૨૬ બેઠકો ભાજપને સુપ્રત કરી હતી. તે જ પ્રકારે આ વખતે ૨૦૧૯માં પણ તમામ ૨૬ બેઠકો ભાજપને આપી છે. જો કે, આ ચૂંટણીમાં અમુક નાગિરકોમાં તેમના વિસ્તારના ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પરત્વે ઉગ્ર રોષની લાગણી જોવા મળી હતી અને તેને લઈને જ આવા મતદારોએ કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારોને મત આપવાના બદલે નોટાનો વિકલ્પ પસંદ કરી નોટામાં મત આપ્યો હતો. જેના કારણે આ વખતની ચૂંટણીના પરિણામમાં નોટાનો દબદબો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભલે ભાજપે જીતના નવા ઈતિહાસ અને રેકોર્ડ રચ્યા હોય પરંતુ લોકસભાની ચૂંટણીના પરિણામમાં નોટાનો ભારે દબદબો રહ્યો તે વાત પણ એટલી જ ખરી છે. ગુજરાતની ૨૬ બેઠકોમાંથી ૧૭ બેઠકો પર નોટામાં ૧૦ હજારથી વધારે મત નોટામાં પડ્યા હતા. તો ચાર બેઠક પર નોટામાં ૨૦ હજારથી વધુ મત નોંધાયા હતા. જેમાં છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને બારડોલીમાં સૌથી વધુ ૨૦ હજારથી વધુ મતો નોટામાં પડ્યા હતા. તેની સાથે રાજયની ૨૬ બેઠકો પર નોટામાં કુલ ૩,૬૩,૧૭૪ મત પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, છોટા ઉદેપુરમાં ૩૨૮૧૬, દાહોદમાં ૩૧૮૭૩, પંચમહાલમા ૨૦૦૬૬, બારડોલીમાં ૨૨૮૨૩ મત નોટામા પડ્યા હતા. જેથી સ્પષ્ટ છે કે, ગુજરાતમાં આટલા લોકોને ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પાર્ટીઓમાંથી કોઈના પર ભરોસો નથી અને તેથી તેઓએ નોટાનો વિકલ્પ પસંદ કરી નોટામાં મત આપ્યો.

### રાહુલ ગાંધી રાજીનામું આપશે તો હું પણ રાજીનામુ આપીશ: પ્રશાંત પટેલ

વડોદરા,તા.૨૪

૨૦૧૯ના ઈલેકશનમાં ભાજપની આંધીમાં કોંગ્રેસ ધોવાઈ ગયું છે. દેશભરમાં કોંગ્રેસ માત્ર ૯૦ સીટ પર આવીને સમેટાઈ ગયું. ત્યારે ગઈકાલે સાંજે જ કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ હારનો સ્વીકાર કર્યો હતો. આ સાથે જ તેમના રાજીનામાની પણ વાતો સામે આવી છે. આવામાં વડોદરા કોંગ્રેસના ઉમેદવાર પ્રશાંત પટેલે ફેસબુક પર પોસ્ટ કરીને લખ્યુઁ છે કે, 'કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી રાજીનામું આપશે તો હું પણ આપીશ રાજીનામુ....' વડોદરા પહેલેથી જ ભાજપનો ગઢ કહેવાય છે. લોકસભા હોય કે વિધાનસભા... આ ગઢ સર કરવો કોંગ્રેસના ઉમેદવારો માટે હંમેશાથી મુશ્કેલ રહ્યો છે.



### ચિલોડા ખાતે ભાજપની શાનદાર વિજયોત્સવ મનાવ્યો

લોકશભાની ચૂંટણીનું પરિણામ સાથે ભાજપ સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં લોકસભાની બેઠકોમાં ઐતિહાસિક જીત હાંસલ કરવા સાથે ચિલોડા ગામમાં તથા ચિલોડા સર્કલ પાસે ભાજપના સક્રિય કાર્યકરોએ આનંદ-ઉલ્લાસ સાથે ફટાકડા ફોડી તથા ચિલોડા બજારમાં પેંડા વહેંચી ગ્રામજનોને મીઠુ મોં કરાવી ભાજપની શાનદાર વિજયોત્સવ ઉજવ્યો હતો. આ વિજયોત્સવમાં ભાજપના સક્રિય કાર્યકર લલિતભાઈ યાદવ-મુરલીધર જ્વેલર્સ વિષ્ણુભાઈ એસ. પટેલ, એડવોકેટ, અગ્રણી દિનેશભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, સંજય ઠાકોર, દશરથ ઠાકોર, રામભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર તથા અન્ય સક્રિય કાર્યકરોએ ખૂબ ઉમંગ-ઉલ્લાસ સાથે ભાજપની જીતના સુત્રોચ્ચાર સાથે વિજયોત્સવ મનાવ્યો હતો. ચિલોડા ગામમાં ભાજપની ઐતિહાસિક જીતથી બપોર બાદ આનંદ અને ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ.

## રાજ્યની ૨૬ બેઠકોનું સત્તાવાર પરિણામ

| બેઠક ક્રમાંક | ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | સરસાઈ |
|---|---|---|---|---|
| ૧ - કચ્છ (અ.જા.) | ચાવડા વિનોદ લખમશી<br>નરેશ નારણભાઈ મહેશ્વર | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૩૭,૦૩૪<br>૩,૩૧,૫૨૧ | ૩,૦૫,૫૧૩ |
| ૨ - બનાસકાંઠા | પરબતભાઈ સવાભાઈ પટેલ<br>પરથીભાઈ ગલબાભાઈ ભટોળ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૭૯,૧૦૮<br>૩,૧૦,૮૧૨ | ૩,૬૮,૨૯૬ |
| ૩ - પાટણ | ડાભી ભરતસિંહજી શંકરજી<br>જગદીશ ઠાકોર | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૩૩,૩૬૮<br>૪,૩૯,૪૮૯ | ૧,૯૩,૮૭૯ |
| ૪ - મહેસાણા | શારદાબેન અનિલભાઈ પટેલ<br>એ.જે.પટેલ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૫૯,૫૨૫<br>૩,૭૮,૦૦૬ | ૨,૮૧,૫૧૯ |
| ૫ - સાબરકાંઠા | રાઠોડ દિપસિંહ શંકરસિંહ<br>ઠાકોર રાજેન્દ્રસિંહ શિવસિંહ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૦૧,૯૮૪<br>૪,૩૨,૯૯૭ | ૨,૬૮,૯૮૭ |
| ૬ - ગાંધીનગર | અમિત શાહ<br>ડૉ. સી. જે. ચાવડા | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૮,૯૪,૬૨૪<br>૩,૩૭,૬૧૦ | ૫,૫૭,૦૧૪ |
| ૭ - અમદાવાદ (પૂર્વ) | પટેલ હસમુખભાઈ સોમાભાઈ<br>ગીતાબેન કિરણભાઈ પટેલ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૪૯,૮૩૪<br>૩,૧૫,૫૦૪ | ૪,૩૪,૩૩૦ |
| ૮ - અમદાવાદ (પશ્ચિમ) (અ.જા.) | ડૉ. સોલંકી કિરીટભાઈ પ્રેમજીભાઈ<br>રાજુ પરમાર | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૪૧,૬૨૨<br>૩,૨૦,૦૭૬ | ૩,૨૧,૫૪૬ |
| ૯ - સુરેન્દ્રનગર | ડૉ. મહેન્દ્રભાઈ કાળુભાઈ મુંજપરા<br>કોળી પટેલ સોમાભાઈ ગાંડાલાલ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૩૧,૮૪૪<br>૩,૫૪,૪૦૭ | ૨,૭૭,૪૩૭ |
| ૧૦ - રાજકોટ | કુંડારીયા મોહનભાઈ કલ્યાણજીભાઈ<br>કગથરા લલીતભાઈ કરમશીભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૫૮,૬૪૫<br>૩,૯૦,૨૩૮ | ૩,૬૮,૪૦૭ |
| ૧૧ - પોરબંદર | રમેશભાઈ લવજીભાઈ ધડુક<br>લલીત વસોયા | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫,૬૩,૮૮૧<br>૩,૩૪,૦૫૮ | ૨,૨૯,૮૨૩ |
| ૧૨ - જામનગર | પૂનમબેન હેમતભાઈ માડમ<br>કંડોરિયા મુળુભાઈ રણમલભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫,૯૧,૫૮૮<br>૩,૫૪,૭૮૪ | ૨,૩૬,૮૦૪ |
| ૧૩ - જૂનાગઢ | ચુડાસમા રાજેશભાઈ નારણભાઈ<br>વંશ પુંજાભાઈ ભીમાભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫,૪૭,૯૫૨<br>૩,૯૭,૭૬૭ | ૧,૫૦,૧૮૫ |
| ૧૪ - અમરેલી | કાછડીયા નારણભાઈ ભીખાભાઈ<br>ધાનાણી પરેશકુમાર ધીરજલાલ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫,૨૯,૦૩૫<br>૩,૨૭,૬૦૪ | ૨,૦૧,૪૩૧ |
| ૧૫ - ભાવનગર | ડૉ. ભારતીબેન ધીરૂભાઈ શિયાળ<br>પટેલ મનહરભાઈ નાગજીભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૬૧,૨૭૩<br>૩,૩૧,૭૫૪ | ૩,૨૯,૫૧૯ |
| ૧૬ - આણંદ | મિતેષભાઈ રમેશભાઈ પટેલ<br>ભરતભાઈ માધવસિંહ સોલંકી | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૩૩,૦૯૭<br>૪,૩૫,૩૭૯ | ૧,૯૭,૭૧૮ |
| ૧૭ - ખેડા | ચૌહાણ દેવુસિંહ<br>બિમલ શાહ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૧૪,૫૭૨<br>૩,૪૭,૪૨૭ | ૩,૬૭,૧૪૫ |
| ૧૮ - પંચમહાલ | રતનસિંહ મગનસિંહ રાઠોડ<br>ખાંટ વેચાતભાઈ કુબેરભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૩૨,૧૩૬<br>૩,૦૩,૫૯૫ | ૪,૨૮,૫૪૧ |
| ૧૯ - દાહોદ (અ.જ.જા.) | જસવંતસિંહ સુમનભાઈ ભાભોર<br>કટારા બાબુભાઈ ખીમાભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫,૬૧,૭૬૦<br>૪,૩૪,૧૬૪ | ૧,૨૭,૫૯૬ |
| ૨૦ - વડોદરા | રંજનબેન ભટ્ટ<br>પ્રશાંત પટેલ (ટીકો) | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૮,૮૩,૭૧૯<br>૨,૯૪,૫૪૨ | ૫,૮૯,૧૭૭ |
| ૨૧ - છોટાઉદેપુર (અ.જ.જા.) | રાઠવા ગીતાબેન વજેસીંગભાઈ<br>રાઠવા રણજીતસિંહ મોહનસિંહ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૬૪,૪૪૫<br>૩,૮૬,૫૦૨ | ૩,૭૭,૯૪૩ |
| ૨૨ - ભરૂચ | મનસુખભાઈ ધનજીભાઈ વસાવા<br>શેરખાન અબ્દુલશકુર પઠાણ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૬,૩૭,૭૯૫<br>૩,૦૩,૫૮૧ | ૩,૩૪,૨૧૪ |
| ૨૩ - બારડોલી (અ.જ.જા.) | પરભુભાઈ નાગરભાઈ વસાવા<br>ડૉ. તુષારભાઈ અમરસિંહભાઈ ચૌધરી | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૪૨,૨૭૩<br>૫,૨૬,૮૨૬ | ૨,૧૫,૪૪૭ |
| ૨૪ - સુરત | જરદોશ દર્શનાબેન વિક્રમભાઈ<br>અશોકભાઈ પટેલ (અધેવાડા) | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૯૫,૬૫૧<br>૨,૪૭,૪૨૧ | ૫,૪૮,૨૩૦ |
| ૨૫ - નવસારી | સી. આર. પાટીલ<br>પટેલ ધર્મેશભાઈ ભીમભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૯,૭૨,૭૩૯<br>૨,૮૩,૦૭૧ | ૬,૮૯,૬૬૮ |
| ૨૬ - વલસાડ (અ.જ.જા.) | ડૉ. કે.સી.પટેલ<br>ચૌધરી જીતુભાઈ હરજીભાઈ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭,૭૧,૯૮૦<br>૪,૧૮,૧૮૩ | ૩,૫૩,૭૯૭ |

## રાજ્યમાં વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણીનું પરિણામ

| બેઠક ક્રમાંક | ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૨૧ - ઉંઝા | ડૉ. આશાબેન દ્વારકાદાસ પટેલ<br>પટેલ કાન્તિભાઈ મૂલજીદાસ (કામુ) | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭૭,૪૫૯<br>૫૪,૩૮૭ |
| ૬૪ - ધ્રાંગધ્રા | પરસોતમ ઉકાભાઈ સાબરીયા<br>દિનેશભાઈ જીવરાજભાઈ પટેલ | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૯૯,૨૫૨<br>૬૪,૯૭૨ |
| ૭૭ - જામનગર (ગ્રામ્ય) | પટેલ રાઘવજીભાઈ હંસરાજભાઈ<br>જયંતીભાઈ સભાયા | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૮૮,૨૫૪<br>૫૫,૨૩૨ |
| ૮૫ - માણાવદર | ચાવડા જવાહરભાઈ પેથલજીભાઈ<br>અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી | ભારતીય જનતા પાર્ટી<br>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૭૮,૪૯૧<br>૬૮,૭૩૨ |

# નવસારીના ભાજપના ઉમેદવાર સી. આર. પાટીલ સૌથી વધારે મતોથી જીત્યા

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાયો છે ત્યારે ગુજરાતમાં ભાજપના ઉમેદવારોની જીત કરતા લીડ વધુ મહત્વની બની ગઈ છે. ૨૦૧૯ની આ પ્રતિષ્ઠાભરી લોકસભા ચૂંટણીમાં નવસારીના સી.આર પાટીલ ગુજરાતમાં સૌથી વધુ ૬,૮૯,૬૬૮ મતે વિજયી થયા છે. જ્યારે બીજા નંબરે વડોદરાના રંજનબેન ભટ્ટ ૫,૮૯,૧૭૭ મતેથી જીત્યા છે. તો, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગરના નવનિર્વાચિત સાંસદ અમિત શાહ ત્રીજા નંબરે એટલે કે ૫,૫૭,૦૧૪ મતે વિજયી થયા છે. જ્યારે દાહોદના બાબુ કટારા સૌથી ઓછા ૧,૨૭,૫૯૬ મતથી વિજયી થયા છે. જો કે, આ વખતે ભાજપના ઉમેદવારોની લીડ રાજકીય વિશ્લેષકોમાં ચર્ચાનું કેન્દ્ર બની રહી છે. ગુજરાતની ૨૬ બેઠકોના વિજયી ઉમેદવારોની લીડના વિશ્લેષણમાં એવી રસપ્રદ હકીકત સામે આવી રહી છે કે, ગુજરાતના ૨૬માંથી ૧૪ સાંસદો ત્રણ લાખથી વધુ લીડ સાથે વિજયી થયા છે. જ્યારે મહિલા સાંસદો પણ જંગી લીડ સાથે વિજયી થયા છે. જેમાં વડોદરાના રંજનબેન ભટ્ટ ૫૮૯૧૭૭, સુરતના દર્શના જરદોષ ૫૪૮૨૩૦, છોટા ઉદેપુરના ગીતાબેન રાઠવા ૩૭૭૯૪૩, ભાવનગરના ભારતીબેન શિયાળ ૩૨૯૫૧૯, મહેસાણાના શારદાબેન પટેલ-૨૮૧૫૧૯ અને જામનગરના પૂનમબેન માડમ ૨૩૬૮૦૪ મત સાથે વિજયી થયા છે. આ વખતની ચૂંટણીમાં ત્રણ લાખથી વધુની લીડ મેળવનારા સાંસદોની વાત કરીએ તો, ગુજરાતની ૨૬ બેઠકમાંથી ૧૪ સાંસદોએ ૩ લાખથી ૬ લાખ સુધીની જંગી લીડ મેળવી છે. જેમાં નવસારીના સી.આર.પાટીલ ૬૮૯૬૬૮, વડોદરાના રંજનબેન ભટ્ટ ૫૮૯૧૭૭, ગાંધીનગરના અમિત શાહ ૫૫૭૦૧૪, સુરતના દર્શના જરદોષ ૫૪૮૨૩૦, અમદાવાદ પૂર્વના હસમુખ પટેલ ૪૩૪૩૩૦, છોટાઉદેપુરના ગીતાબેન રાઠવા ૩૭૭૯૪૩, રાજકોટના મોહન કુંડારિયા ૩૬૮૪૦૭, બનાસકાંઠાના પરબત પટેલ ૩૬૮૨૯૬, ખેડાના દેવુસિંહ ચૌહાણ ૩૬૭૧૪૫, વલસાડના કે.સી.પટેલ ૩૫૩૭૯૭, ભરૂચના મનસુખ વસાવા ૩૩૪૨૧૪, ભાવનગરના ભારતીબેન શિયાળ ૩૨૯૫૧૯, અમદાવાદ વેસ્ટના ડો.કિરીટ સોલંકી ૩૨૧૫૪૬, કચ્છના વિનોદ ચાવડા ૩૦૫૫૧૩ મત સાથે વિજયી બન્યા છે. આ વખતની ચૂંટણીમાં ગુજરાતની ૨૬માંથી એકમાત્ર દાહોદ બેઠક પર લીડ ઘટી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ૨૬માંથી ૨૫ બેઠકો પર ભાજપે ૨૦૧૪માં મેળવેલી પોતાની લીડનો રેકોર્ડ તોડ્યો છે.




### ડભોડામાં ઉમિયા માતાજીના રથના આગમનનુ ઉષ્માભર્યુ સ્વાગત

ગુજરાતના સૌથી મોટા ઉમિયા માતાના મંદિરનું એક હજાર કરોડના ખર્ચથી નિર્માણ થઈ રહેલા ભવ્ય મંદિરની સાથે સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરનારા વિશ્વ ઉમીયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત ઉમીયા માતાના દિવ્યરથ ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે પાટીદાર ઉમિયા પરિવારો દ્વારા રથનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. સવારે આ રથની સ્વાગતવિધિમાં આરતી ઉછામણી મુખી પરિવારના લલિતભાઈ જશુભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. માતાજીની આરતી બાદ દિવ્યરથની શોભાયાત્રા ડભોડામાં શેરીએ શેરીએ કાઢવામાં આવી હતી. રથનું ઠેરઠેર દરેક સમાજના ભક્તજનોએ ફૂલ, માળા, શ્રીફળ, કંકુતિલક કરીને રથને વધાવ્યો હતો. ઉમિયા માતાના દર્શન કરીને ગ્રામજનોએ યથાશક્તિ દાન પણ અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. ડભોડમાં દિવ્યરથના આગમન પ્રસંગે કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લેતાં ધાર્મિક માહોલ છવાયો હતો.

## જાહેરનામુ

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૧/૫/૨૦૧૯

**જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃ વસવાટમાં વ્યાજબી બળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જીલ્લો : અરવલ્લી

ક્રમાંક : અમ-૨૦૧૯-૨૭૪-મ-જઅર-૧૭૧૮-૫૪૯-ચ

ગુજરાત સરકાર દ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત સરકારને લાગે છે કે, નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરિયાત 'લાંક મુખ્ય નહેર સાંકળ ૩૩૨૦થી ૪૧૭૦ મી.ની વચ્ચે' જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

અનો જ્યારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામા નં. અમ/૨૦૧૮/૫૩૦/મ/જઅવ/૧૭૧૮/૫૪૯/ચ તા. ૪/૭/૨૦૧૮ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે શિડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરિયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે, અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૯ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે, ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ બોરોલ તાલુકા બાયડ જી. અરવલ્લીની કુલ ૦-૬૮-૪૩ હે.આરે.ચો.મી.ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહ્યું અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના કલમ-૩(જી) હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ માટે કલેક્ટરના બધાં કાર્યો કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

જમીનના નકશાનું નિરીક્ષણ કોઈપણ કામ દિવસે નાયબ કલેક્ટર જમીન સંપાન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરની ઓફીસમાં કરી શકાશે.

**અનુસુચિ**

જીલ્લા : અરવલ્લી | તા. બાયડ | ગામ : બોરોલ

| અ.નં. | સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૩૧૫ | ૦-૪૩-૮૬ |
| ૨ | ૩૧૬ | ૦-૦૨-૫૮ |
| ૩ | ૩૧૪ | ૦-૧૯-૬૦ |
| ૪ | ૩૩૦ | ૦-૦૨-૩૯ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

**ક્રમાંક /ના.મા.નિ./હિંમત/૬/૨૦૧૯** **(એસ. જે. રાઠોડ)**